# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/161 Dt. 27/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ખાતે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેક્રેટરી સાથે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોની પીએલઆઇ સ્કીમ સંદર્ભે મિટીંગ મળી

### ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ રૂપિયા ૫૦ કરોડ સુધીનું રોકાણ કરનારા ઉદ્યોગકારોને પણ પીએલઆઇ સ્કીમનો લાભ આપવામાં આવે તેમજ તેમાં નવા એચએસએન કોડનો સમાવેશ કરવા સૂચનો કર્યા

**સુરતઃ** ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સ દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને મેટેકિસલની સાથે મળીને તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો સાથે મિટીંગ કરી હતી, જેમાં નવી દિલ્હી ખાતેથી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેક્રેટરી શ્રી ભાસ્કર કાલરાએ સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને પીએલઆઇ સ્કીમ વિષે માહિતી આપી તેના વિષેના સૂચનો ઉદ્યોગકારો પાસેથી મેળવવામાં આવ્યા હતા.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેક્રેટરી શ્રી ભાસ્કર કાલરાએ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને પીએલઆઇ સ્કીમના લાભો વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. હાલના સંજોગોમાં આ સ્કીમ અંતર્ગત રૂપિયા ૧૦૦થી લઇને ૩૦૦ કરોડ સુધીનું તેમજ રૂપિયા ૩૦૦ કરોડથી વધુનું રોકાણ કરનારા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને લાભ મળે છે. આ સ્કીમમાં ૧૧૬ એચએસએન કોડનો સમાવેશ થાય છે. આ સ્કીમનો લાભ લેવા માટે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એપ્લીકેશન વીન્ડો ઓપન છે, આથી તેમણે ઉદ્યોગકારોને વહેલી તકે આ સ્કીમનો લાભ લેવા માટે એપ્લીકેશન કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ ઉદ્યોગકારો પાસેથી આ સ્કીમ વિષે સૂચનો પણ મેળવ્યા હતા.

આ મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, મેટેકિસલના તત્કાલિન પૂર્વ ચેરમેન શ્રી ધીરજ શાહ, ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધી, પાંડેસરા સીઇટીપીના ચેરમેન શ્રી રવીન્દ્ર આર્યા, ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતી તથા અન્ય ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.

પીએલઆઇ સ્કીમ અંતર્ગત રૂપિયા ૧૦૦થી ૩૦૦ કરોડ તેમજ રૂપિયા ૩૦૦ કરોડથી વધુનું રોકાણ કરનારા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને જ હાલમાં આ સ્કીમનો લાભ મળે છે, આથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ આ સ્કીમમાં રૂપિયા ૫૦ કરોડ સુધીનું રોકાણ કરનારા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને પણ લાભ આપવામાં આવે તેમ સૂચન કર્યું હતું. આ ઉપરાંત નવા એચએસએન કોડ પણ ઉમેરવામાં આવે તેમ જણાવવામાં આવ્યું હતું. વધુમાં, ઉદ્યોગકારોએ ટેક્ષ્ટાઇલમાં ઇમ્પોર્ટ સબસ્ટીટયુડ પ્રોડકટને પણ ઉમેરવામાં આવે તેવી માંગણી મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેક્રેટરી શ્રી ભાસ્કર કાલરા સમક્ષ કરી હતી.